શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત

# નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા

રેલ્વે સ્ટેશન રોડ, ગોઝારિયા, જી. મહેસાણા – ૩૮૪૪૭૦

વેબસાઇટ: www.nimacollege.in

## જાહેર સૂચના

## હેડ ક્લાર્ક (ભાગ – ૧) MCQ પરીક્ષા અંગે ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ

**પરીક્ષા તારીખ : ૨૨ માર્ચ ૨૦૨૬, રવિવાર**

### ૧. પરીક્ષાનું માળખું

૧. પ્રશ્નપત્રમાં કુલ **૧૦૦ (એકસો)** પ્રશ્નો રહેશે.

૨. પ્રશ્નોના જવાબ આપવા માટે **૬૦ મિનિટ**નો સમય આપવામાં આવશે.

૩. દરેક પ્રશ્ન માટે **A, B, C, D, E** વિકલ્પ આપવામાં આવેલ રહેશે.

### ૨. ગુણાંકન પદ્ધતિ

૧. દરેક **સાચા જવાબ માટે ૧ ગુણ** આપવામાં આવશે.

૨. દરેક **ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કપાશે.**

નીચે દર્શાવેલ પરિસ્થિતિમાં પણ **૦.૨૫ ગુણ કપાશે**

- પ્રશ્નનો જવાબ ખાલી રાખવામાં આવ્યો હોય.
- એક કરતાં વધુ વિકલ્પ દર્શાવવામાં આવ્યા હોય.
- જવાબમાં કોઈપણ પ્રકારની છેડછાડ કરવામાં આવી હોય.

૩. ઉમેદવાર જો જવાબ આપવા માંગતા ન હોય તો **વિકલ્પ (E)** પસંદ કરી શકશે. આ સ્થિતિમાં **૦.૨૫ ગુણ કપાશે નહીં.**

૪. જો કૉલેજ દ્વારા કોઈ પ્રશ્ન માટે **એકથી વધુ વિકલ્પ સાચા જાહેર કરવામાં આવે**, તો તેમાંથી કોઈપણ સાચો વિકલ્પ પસંદ કરનાર ઉમેદવારને **૧ ગુણ આપવામાં આવશે.**

### ૩. જવાબ લખવાની રીત

૧. ઉમેદવારોએ **વાદળી અથવા કાળી બોલપેનથી OMR** ઉત્તરપત્રકમાં જવાબ આપવા.

૨. **પેન્સિલ, અન્ય શાહી અથવા સફેદ શાહીનો ઉપયોગ માન્ય રહેશે નહીં.**

૩. બ્લેડ, રબર અથવા અન્ય કોઈ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહીં.

### ૪. પરીક્ષા દરમિયાન પ્રતિબંધિત વસ્તુઓ

પરીક્ષા દરમિયાન નીચેની વસ્તુઓ લાવવી અથવા ઉપયોગ કરવો સખત મનાઈ છે:

| | | | |
|---|---|---|---|
| 1. મોબાઇલ ફોન | 2. કેલ્ક્યુલેટર | 3. સ્માર્ટવોચ | 4. બ્લૂટૂથ |
| 5. પેજર | 6. કાપલી અથવા કોઈપણ સાહિત્ય | 7. અન્ય ઇલેક્ટ્રોનિક સાધનો | |

આવી વસ્તુઓ મળી આવશે તો ઉમેદવારને **ગેરલાયક ઠરાવવામાં આવશે** તથા આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

### ૫. પરીક્ષા શિસ્ત

૧. પરીક્ષા દરમિયાન વાતચીત કરવી, અવાજ કરવો અથવા ગેરરીતિ કરવી **ગેરશિસ્ત ગણાશે.**

૨. **ખંડ નિરીક્ષક** દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે.

૩. પરીક્ષા શરૂ થયા પછીથી પૂર્ણ થાય ત્યાં સુધી **પરીક્ષાખંડ છોડવાની મનાઈ રહેશે.**

### ૬. પરીક્ષાખંડમાં હાજરી

૧. ઉમેદવારોએ નિર્ધારિત પરીક્ષા સમય કરતાં **૧ (એક) કલાક અગાઉ પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવું.**

૨. પરીક્ષા શરૂ થયા પછી **પ્રવેશ આપવામાં આવશે નહીં.**

૩. ઉમેદવારોએ પરીક્ષાખંડમાં **મોબાઇલ ફોન લાવવાનો રહેશે નહીં.**

### ૭. આવશ્યક દસ્તાવેજો

પરીક્ષામાં હાજરી આપતી વખતે નીચેના દસ્તાવેજો ફરજિયાત લાવવા:

૧. કોલ લેટર (તાજેતરનો ફોટો ચોટાડેલ)

૨. ઓળખપત્ર (ઓરિજિનલ તથા ઝેરોક્ષ) – નીચેમાંથી કોઈ એક

| | | | |
|---|---|---|---|
| 1 | મતદાર ઓળખપત્ર | 2 | ડ્રાઇવિંગ લાયસન્સ |
| 3 | પાન કાર્ડ | 4 | આધાર કાર્ડ |

ઉપરોક્ત દસ્તાવેજો વગર ઉમેદવારને **પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.**

### ૮. ગેરરીતિ અંગે ચેતવણી

૧. ભરતી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની **ભલામણ,** લાગવગ અથવા દબાણ લાવવાનો પ્રયાસ કરનાર ઉમેદવારને **ગેરલાયક ઠરાવવામાં આવશે** તથા જરૂરી શિસ્તાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૨. ઉમેદવારોને લાંચ, લાલચ અથવા છેતરપિંડી કરનાર અસામાજિક તત્વોથી **સાવચેત રહેવા સૂચિત કરવામાં આવે છે.**

### ૯. અન્ય સૂચનાઓ

૧. પરીક્ષાનું માળખું, તારીખ, સમય તથા અન્ય સૂચનાઓ કૉલેજની વેબસાઇટ **www.nimacollege.in** પર મૂકવામાં આવશે.

૨. પરીક્ષામાંથી **લાયક પ્રથમ ૦૭ (સાત) ઉમેદવારોને** આગળની પ્રક્રિયા માટે કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.